**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. ૨ એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.નવરંગપુરા, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૪૩૬૫૮/૨૦૨૫**

**આંક –**

**<u>આંક–૧ તળે હુકમ</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૩ અને જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) હાલના કામની એફ.આઈ.આર. પોલીસ દવારા આરોપીની સામે નોંધવામાં આવેલ છે અને તે એફ.આઈ.આર.ના કામે પોલીસ એજન્સી દવારા જ ગુનાની તપાસ કરી ભારતીય નાગરીક સુરક્ષાની કલમ–૧૯૩ મુજબ નવા સુધારાને આધીન ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે.આ કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ અન્વયેનું તહોમત મૂકેલ છે કે આરોપીએ પોલીસ કમીશ્નરશ્રી/ઉપ સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત સરકાર ધ્વારા બહાર પાડેલ જાહેરનામાનો ભંગ કરેલ છે. સદરહું કલમ મુજબ જયારે કોઈ વ્યકિત, જાહેર સેવકે કાયદેસર જાહેર કરેલા હુકમનું પાલન ન કરે ત્યારે ગુનો બને છે.

(૩) આ કામે આરોપીને તપાસ કરનાર ધ્વારા ચાર્જશીટ સાથે અત્રેની કોર્ટમાં હાજર રાખવામાં આવેલ છે અને તેઓને સદર ગુનાના તમામ કેસ પેપર બી.એન.એસ.એસ.૨૩૦ મુજબ પુરા પાડયા બાદ તેઓને સદર ગુનાની વિગત સમજાવતા તેઓ ગુનો કબુલ કરવા માંગતા હોય તે સબબની વિગત પોતાના નિવેદનમાં જણાવેલ હોય અને તે અન્વયે તેઓએ અલગથી ગુના કબુલાતની પુરસીસ પણ આપેલી હોય તે માનસહ વંચાણે લીધી.

(૪) આ કામે ઉપરોકત રજુ થયેલ વિગત ધ્યાને રાખી આરોપી સ્વૈચ્છાએ કોઈપણ લોભ, લાલચ, પ્રલોભન વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ

કરવા માંગતા હોય તેમજ તેઓનો પ્રથમ ગુનો હોવાનું રજુ રેકર્ડ જોતાં જણાતુ હોય, જેથી તેઓને સુધરવાની એક ઉત્કૃષ્ઠ તક મળી રહે તે હેતુથી તેઓને સદર કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આ કામના આરોપી બી.એન.એસ.એસ.૨૭૫ મુજબ પોતાનો ગુનો કબુલ કરતા હોય જેથી બી.એન.એસ.૨૨૩ અને જી.પી.એકટ કલમ–૧૩૧ ના કામે આરોપીને તકસીરવાર ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરે તો, આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૩–મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫
અમદાવાદ.

(નારણ હરદાસ નંદાણીયા)
બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.,
અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.GJ00906

જી.એસ. મકવાણા